# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ન-ગમતા કોઇને સીધાં ફાટક બતાવે છે,
કોઇને માન-સન્માનનાં નાટક બતાવે છે!
કરે છે ત્રાટક કોઇ પર 'માર્ગદર્શક' નાં -
કોઇને પ્રેમે ઝાડ કર્ણાટકનાં બતાવે છે..
(સૌ નો સૂથ-સ્વ વિકાસ)

## હાઇકુ

જાણ તો થઇ!!
- હૃદય જેવું કૈંક છે!
લાલુ-એટેક...
(જલ્દી સ્વસ્થ થાય એ શુભેચ્છા)

કૌભાંડી કાને -
સુપ્રીમ ની સલાહ,
સાંભળે કોણ?
(કૌભાંડીઓને કાઢો)

## ચિંતન

**કિં કુલેન વિશાલેન વિદ્યા હીનસ્ય દે હિનઃ । અકુલીનો અપિ વિદ્યાવાન્દે વૈરપિ સ પૂજ્યતે ॥**

'ગમે તેટલું ઉચ્ચ કુળ હોય પણ એવા નામાંકિત-પ્રખ્યાત કુળમાં પણ જન્મેલો માણસ જો વિદ્યા વગરનો-અભણ-નિરક્ષર હોય તો, પણ શું? અર્થાત્ એ નકામો જ છે. પરંતુ ભલેને ઊંચા કે સારા કુળમાં જન્મ લીધો ન હોય તો પણ અભ્યાસુ, અને જે વિદ્યામાન છે તે વ્યક્તિ, દેવોથી પણ પૂજાય છે અર્થાત સર્વત્ર પૂજાય છે.'

"જાતિ, કુળ ને કોઇ પુછતું નથી ।
જ્ઞાન-વિદ્યા હીનને કોઇ પૂજતું નથી ।"

પહેલાં જાતિ-કુળમાં જન્મનું અભિમાન હતું ભલે માણસનાં સંસ્કાર-ભણતર-બુદ્ધિ ન હોય છતાં માત્ર 'કુળ' ઉચ્ચું હોય બાપ-દાદા ગૌરવશાળી કર્મો કરી ગયા હોય-એ કુળમાં જન્મથી આવા મૂર્ખ-ગમાર પણ 'પૂજ્ય' અને સન્માનીય ગણવામાં આવતા-નિરક્ષર હોય તો પણ 'જ્ઞાની' જેવું સન્માન પામ્યા.

આજના યુગમાં હવે 'સત્ય' સ્વીકાર્ય બન્યું છે. માત્ર 'કુળ' નહીં વ્યક્તિનું શિક્ષણ, બુદ્ધિ, આવડત સંસ્કાર-અને સદ્‌ગુણોથી નીચા કુળમાં જન્મ લેનાર પણ પૂજાય છે.

## સુવિચાર

- મારાપણા વાળી વસ્તુને લીધે જ ચિંતા અને ડર જન્મેલા છે એ ચિંતા અને ડર જન્મેલા છે એ ચિંતા અને ડરનો જો ખરા અર્થમાં સકારાત્મક ઉપયોગ થાય તો બેડો પાર થઇ જાય **- ડો. અઢિયા**
- દુકાળ લીલો પડે કે સૂકો.. વાત તો જળની જ હોય છે.. અહંકાર પકડો કે છોડો વાત અહંકારની જ હોય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- જીવનમાં ગુરૂ સમગ્ર જીવનનું રૂપાંતર કરે છે, પણ એ પહેલાં તરસાવે છે, પછી બારેય મેઘ વરસાવે છે અને ત્યારે સંસાર, સંસાર નથી રહેતો ઇશ્વરની સૃષ્ટિ બની જાય છે **- અમૃત બિંદુ**
- જ્ઞાન તો ભીંતર પ્રગટે છે, રામકૃષ્ણ, ટાગોર હોય કે આઇન્સ્ટાઇન એમને ઋષિ કહો કે વૈજ્ઞાનિક એ જ સાચું જ્ઞાન **- જનકલ્યાણ**
- અંતે આપણે દુશ્મનો ના શબ્દોથી નહીં પણ.. મિત્રોની ખામોશીથી ઓળખાઇએ છીએ **- માર્ટીન લ્યુથર કિંગ જુનિયર**
- બરકત બરાબર રાખવી હોય તો આપણે આપણું જતું કરીને પણ કોઇનું જોડીએ **- મોરારિ બાપુ**
- સાચા ભક્તનું એક લક્ષણ એ પણ છે કે તેઓ બીજાનું દુઃખ જોઇ શકતા નથી અને એમને દુઃખમાંથી મુક્ત કરવાનો પ્રયત્ન કરે છે એ જ સાચા ભકતની પૂજા અને સાધના છે- **ભક્તિસૂત્ર**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

જીવનમાં 'નિયમિત' વ્યાયામનું ખૂબ જ મહત્ત્વ છે આજની ગૃહિણી ઘરનાં કામકાજ કરતી નથી પણ યોગ-આસનના વર્ગોમાં જાય છે! પુરૂષ ઘરમાં હાથે પાણી પણ પીતો નથી પણ 'જીમ' માં જાય છે! આ દંભ છે વ્યાયામ નથી.

સુભાષચંદ્ર બોઝના મોટાભાઇ રામચંદ્ર બોઝને ત્યાં કલકત્તામાં ગાંધીજી રોકાયા હતા. સાથે ગગન વિહારી મહેતા અને મહાદેવ તો ખરા જ. ગગનવિહારીને દરરોજ ત્રણ કિલોમીટર ચાલવાનો નિયમ.

ગાંધીજીને એ ખૂબ ગમ્યો. એણે કહ્યું મહેતાજી તમે મહાદેવને પણ દરરોજ તમારી સાથે લેતા જજો. વ્યાયામ ખૂબ જરૂરી છે.

થોડા દિવસ નિયમ નિયમિત ચાલ્યો. એક દિવસે મહાદેવભાઇએ કહ્યું, આજે મારે ઘણું કામ બાકી છે હું ફરવા નથી આવતો!

ગાંધીજી સાંભળી ગયા. કહ્યું, મહાદેવ! તમે જમ્યા વિના રહી જશો એની મને ચિંતા કે દુઃખ નહીં થાય પણ વ્યાયામ વિના એક દિવસ પણ જવો ન જોઇએ. કામ તો પછી પણ થશે, જાવ! પહેલાં ફરી આવો!

Email - sureshchandrabhatt18@gmail.com

# બાકી લેણા કરતા વધારે કિંમતની મિલકત બેંક જપ્ત કરી શકે નહીં

બેંક લોનની બાકી રકમ કરતાં વધારે કિંમતની મિલકત જપ્ત કરી દેવાદારનો ચાલુ ધંધો બંધ કરવાનો બેંકને અધિકાર નથી તેવું નામદાર ગુજરાત હાઇકોર્ટ તાજેતરમાં એક ચુકાદો આપતાં જણાવ્યું છે.

બેંકમાં લોન લઇ ત્યારબાદ ચૂકતે નહીં કરવાના કેસમાં દેવાદારની બાકી રકમ કરતા વધારે ગીરવી મુકેલી મિલકતની કિંમત હોય તો પણ બેંક દ્વારા મિલકત કબ્જે લઇ શકાય નહીં તેમજ આવી મિલકત હરાજી કરવાનો બેંકનો અધિકાર નથી, આ ચુકાદાથી બાકી રકમ કરતા મિલકતો વધારે હોય તેવા તમામ દેવાદારોને એક કાયદાકીય દિશા મળી શકશે.

કોટક મહિન્દ્રા બેંકના એક હોટલ ગૃપના ૮ કરોડના બાકી લેણાં સામે હોટલની ૩૦ કરોડની મિલકતનો કબજો લેવાના કિસ્સામાં ના. ગુજરાત હાઇકોર્ટે મહત્ત્વનો ચુકાદો આપી વચગાળાની રાહત આપી છે.

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



કોર્ટે બેંકના આ જપ્તીના પગલાંને કાયદાના દુરૂપયોગ સમાન ગણાવી ને બેંકને હોટલનો કબજો મુક્ત કરવા તથા દેવાદારને હોટલ ચલાવવામાં રોકટોક ના કરવા જણાવેલ છે. દેવાદારને રજુઆત કરવાની યોગ્ય તક આપ્યા સિવાય કાયદાનો ઉપયોગ કરીને એડિ. જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમાંથી મિલકતોનો કબજો લેવાનો આદેશ કરાવી શકાય નહીં.

૮ કરોડના બાકી લેણા સામે ૩૦ કરોડની મિલકતનો કબજો લઇ શકે નહીં તથા દેવાદારનો ચાલુ ધંધો અટકાવી અમાનવીય કૃત્ય કરી શકે નહી.

બેંક દ્વારા કાયદાનો ઉપયોગ કરી કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો અને જોગવાઇઓનું ઉલ્લંઘન કરી દેવાદારનો ચાલુ ધંધો સરેઆમ બંધ કરવામાં આવેલ જે અમાનવીય છે. તેવું હાઇકોર્ટે ઠરાવેલ.

કોર્ટે વધુમાં જણાવેલ કે જયારે સરફેસની એક્ટની કલમ ૧૪ મુજબ કોઇ મિલકતનો કબજો લેવાની વાત આવે ત્યારે જીલ્લા મેજીસ્ટ્રેટ કે ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટે મિલકત ઉપર કબજો લેવાની નોટીસ મુકવી જોઇએ અને મિલકતના કબજેદાર વ્યક્તિને કબજે લેવા અંગે ૧૫ દિવસની નોટીસ આપવી જોઇએ પરંતુ પ્રસ્તુત કેસમાં બેન્ક દ્વારા આવી જોગવાઇઓનું પાલન કરવામાં આવેલ નથી. આથી સરફેસ એક્ટની કલમ ૧૩ અને ૧૪નો બેંક દ્વારા પ્રથમ દર્શનીય રીતે સ્પષ્ટ ભંગ કરવામાં આવ્યો હોય અરજદારને વચગાળાની રાહત મંજૂર કરવામાં આવે ઓછે અને બેંકને હોટલનો કબજો લેવા સામે મનાઇ હુકમ આપવામાં આવે છે.

આ હુકમ સામે બેંક દ્વારા કયારેય સ્ટેની માંગણી પણ હાઇકોર્ટે ફગાવી બંને પક્ષકારો વચ્ચે સમાનતા જાળવવા માટે હોટલના સંચાલકોને દિન ૧૫ સપ્ટે. સુધી માં રૂા. ૩ કરોડ બેંકમાં જમા કરાવવાનો પણ હુકમ કરેલ છે.

હોટલ દ્વારા કોટક મહિન્દ્રા બેંકમાંથી હોટલની ૩૦ કરોડની મિલકત જમીન મકાન સહિની બેંકમાં મોટગેજ કરાવી તેના ઉપર પ્રથમ ૧.૮૮ કરોડ ત્યારબાદ ૪.૧૫ કરોડની લોન સને ૨૦૧૦માં હોટલના સંચાલકો દ્વારા મેળવવામાં આવેલ પરંતુ મંદીની અસરમાં હોટલ બરોબર ના ચાલતા ટાઇમસર લોનના હપ્તા ભરવામાં આવેલા ના હતા. બેંક દ્વારા જીલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ હોટલનો કબજો મેળવવા અરજ કરતાં સદર આજ મેજીસ્ટ્રેટે મંજુર કરતા હોટલ સંચાલકોએ ગુજરાત હોઇકોર્ટમાં દરવાજા ખખડાવ્યા હતા.

ગુજરાત હાઇકોર્ટ - બેંક દ્વારા સરફેસી એક્ટની કલમ ૧૩ અને ૧૪ના ભંગ બદલ બેંકના હુકમને અમાનવીય ગણી હોટલના સંચાલકોને લમસમ એમાઉન્ટ પેટે ૩ કરોડ બેંકમાં જમા કરાવવાની શરતો નીચલી કોર્ટનો હુકમ સ્ટે કરવામાં આવેલો. અને બેંકને હોટલનો ચાલુ ધંધો બંધ કરાવવાનો કે જપ્તી કરવવાનો કોઇ જ હક્ક અધિકાર નથી તથા દેવા કરતા વધારે કિંમતની મિલકત જપ્ત કરવી એ અમાનવીય કૃત્ય ગણી હુકમ કરેલ છે. બેંકે પોલીસ રક્ષણ હેઠલ મેળવેલ કબજો હોટલ સંચાલકો ૧૫ દિવસમાં ૩ કરોડ બેંકમાં જમા કરાવવાની શરતે પરત સોંપવાનો હુકમ કરેલ છે.

# ઘરસંસાર, પરિવાર કે સમાજની જવાબદારીમાંથી છટકીને પર્વતો પર જઇને કે મંદિરોમાં અડ્ડો જમાવીને બેસવાથી પ્રભુ પ્રાપ્ત થતા નથી, આ તો ભાગેડુવૃત્તિ ગણાશે, સાચી સફળતા તો સંસારમાં રહીને સંસારથી અલિપ્ત રહેવાથી જ મળે છે

## મુક્તિ કે બંધન

- લક્ષ્મી વાધવાણી (નિરંકારી)

સામાન્ય રીતે આપણે અનુભવ્યું છે કે દરેકને મુક્તિ જ પસંદ હોય છે એટલે કે આઝાદી...! પ્રત્યેક જીવ પછી તે માનવ હોય, પશું પક્ષી હોય કે જીવ-જંતુ હોય દરેકને આઝાદી/મુક્તિ જ પસંદ હોય છે. પરંતુ, ક્યારેક કેટલાક બંધન અનિવાર્ય હોય છે જેમ કે રક્ષાબંધનનો પર્વ જ લઇ લો, કેટલા પ્રેમ અને હેતથી ઉજવાય છે સાચા હૃદયથી ભાઇ-બહેનના પવિત્ર બંધનનો આ પર્વ ઉજવાય છે. પણ બંધન કેમ જરૂરી છે એનું આ નાનકડું ઉદાહરણ જોઇએ.

૫-૬ વર્ષના નાનકડો સાગર પતંગ ચગાવતો હતો પણ તેનાથી પતંગ ચગતો નહોતો તેથી તે તેના પપ્પાને કહેવા લાગ્યો પપ્પા, પતંગ ચગાવી આપો ને! પપ્પાએ પતંગ ચગાવવાનો પ્રયત્ન કર્યો. પવનના અભાવે પતંગ થોડે ઊંચે જઇને પાછો પડતો હતો. આથી, સાગરને બહુ ખરાબ લાગતું, તે રડવા લાગ્યો, પપ્પા, પતંગ ઊંચો ચડાવો ને! પછી તેને અચાનક આઇડિયા આવ્યો હોય તેમ તેના ચહેરા પર ચમક આવી ગઇ અને તેણે પપ્પાને કહ્યું, પપ્પા, તમે આ દોરી પકડી રાખી છે ને એટલે પતંગ ઉપર નથી ચડતો, ચાલો, આપણે આ દોરી કાપી નાખીએ પછી પતંગ છેક ઊંચે આકાશમાં જશે. પપ્પાને એના પરિણામની ખબર હતી પણ એક તો સાગરની જીદ ખાતર અને બીજુ સાંગરને સાચી સમજ આપવા માટે થઇને પપ્પાએ એમ જ કર્યું દોરી થોડી લાંબી રાખીને તોડી નાખી. પતંગ થોડે ઊંચે જઇને તરત નીચેની તરફ આવ્યો અને એક ઝાડ પર જઇને પડ્યો અને પડતાં જ ફાટી ગયો.

પતંગને આવો પટકાતાં અને ફાટેલો જોઇને સાગરને ખૂબ ખરાબ લાગ્યું તે તોડો રડવા જેવો થઇ ગયો, પણ પાછો તે થોડો સમજૂ હતો પોતાની જીદથી પતંગની આ દશા થઇ છે તે એ સારી રીતે જાણતો હતો તેથી ચૂપ થઇ ગયો પણ આ વાતથી આપણને એક નવી દિશા નવો વિચાર નથી મળતો? તે એ છે કે જેમ દોરી હાથમાં પકડેલી હતી તો પવનના સહારે એ પતંગ ઉપર ખૂબ ઊંચે આકાશમાં ઉડવાની પૂરેપૂરી શક્યતા રહેલ હતી. એ શક્યતા ત્યાં સુધી હતી જયાં સુધી દોરી હાથમાં પકડાયેલી હતી. એ જ રીતે નિરંકારી બાબા હરદેવસિંહજી મહારાજ પણ કહે છે કે સંસારમાં એટલે કે પરિવારમાં રહીને પોતાને આધ્યાત્મિક રાહ પર આગળ લઇ જવાય. ઘરસંસાર, પરિવાર કે સમાજની જવાબદારીમાંથી છટકીને પર્વતો પર જઇને કે મંદિરોમાં અડ્ડો જમાવીને બેસવાથી પ્રભુ પ્રાપ્ત થતા નથી. આ તો ભાગેડુવૃત્તિ ગણાશે. સાચી સફળતા તો સંસારમાં રહીને સંસારથી અલિપ્ત રહેવાથી જ મળે છે.

જેમ કમ કમળ કાદવમાં ખીલે છે પણ કાદવથી તે તરબતર નથી થઇ જતું. સંસાર, પરિવારના સહારાથી ગુરૂની પ્રાપ્તિ થાય છે અને ગુરૂપ્રાપ્તિથી ઇશ્વર પ્રાપ્તિ થાય છે જે આ લોક જ નહિ પરલોકના બંધનમાંથી મુક્તિ અપાવે છે. આમ, બંધન અને મુક્તિ પરસ્પરના સહભાગી બની જાય છે માટે જ મુક્તિ માટે આવું પ્યારું પરિવારનું બંધન જરૂરી જ નહિ અનિવાર્ય છે.

# અંતે બહુ હો.. હા.. ન થાય અને ચૂંટણીમાં કાંઇ ગરબડ નથી થઇ એ દર્શાવવા અમે તોડ કાઢયો કે ભલે તે બહેન આ ભાઇના નામે વોટ આપી ગયા તે બહેનનું નામ હજુ ખાલી છે તેથી તે નામ સામે આ ભાઇ વોટ આપે!

## નાની અમથી વાત (હાસ્ય વ્યંગ)

## સ્ત્રી મતદાર બન્યો

લે. ભર્ગદેવ ભટ્ટ (હાસ્યાયન)

આ વાત ૧૯૮૦ પહેલાની છે. ત્યારે હું સચિવાલયના શિ.વિ.માં હતો અને ત્યારે સચિવાલયના વિભાગો (હાલના જીવરાજ મહેતા ભવનમાં) જૂના સચિવાલયમાં બેસતા. તેમાં બ્લોક નં. ૮ ના ભોંયતળીયે સચિવાલય ક્રેડિટ સોસાયટી આવેલી, સમયાનુસાર તેના બોર્ડ ઓફ ડિરેકટરની ચૂંટણી પણ થતી. તેમાં સોસાયટીના સભ્યો જ મતદાન કરતા. ચૂંટણીની સમગ્ર કાર્યવાહી સોસાયટીનો વહીવટ સ્ટાફ તથા બહારથી નીમવામાં આવેલ ચૂંટણી અધિકારી હતા.

આવી જ એક ચૂંટણી આવી. ઉમેદવારોએ ફોર્મ પણ ભર્યા. પેનલો પણ બનાવી અને જોરશોરથી વિભાગોની શાખાઓમાં ફરીને પ્રચાર પણ આરંભી દીધો.

અંતે મતદાનની તારીખ પણ આવી ગઇ. મારે પણ મતદાન કરવાનું હતું. એમ થયું કે થોડું મારું ટેબલનું કામ પતાવી પછી જાઉં તો વાંધો નહિ. કારણ ત્યાં ગયા પછી પાછા આવવાનું નક્કી નહીં. કારણ મત આપવા જે કોઇ આવે તેને ઉમેદવારો ઘેરી વળે અને કહેવા લાગે. 'આ પેનલનું કે આપણું ધ્યાન રાખજો.' ઉપરાંત બીજા મતદારો વોટીંગ કરી ટોળામાં ઊભા હોય. એટલે હું તો સાંજના ચારેક વાગ્યે ત્યાં પહોંચ્યો. ત્યારે ખાસ્સી ભીડ હતી પણ મતદારોની લાઇન નહોતી. અંતે મેં બુથ ઉપર જઇ મારું નામ, સભ્ય નંબર અને વિભાગ કહ્યો. એટલે બુથ ઉપરના કર્મચારીએ મતદાર યાદી જોઇ પછી મને કહ્યું, 'તમો તો વોટીંગ કર્યું છે. આ તમારા નામ સામે ટીકમાર્ક કરેલ છે અને સહી પણ છે.'

હું તો ભડક્યો. આખા દિવસમા અત્યારે જ નીચે મતદાન કરવા ઉતર્યો છું અને આ કહે છે મેં વોટીંગ કર્યું છે. મેં પણ દલીલ કરી અને સહી બતાવવા કહ્યું. સહી જોઇ મેં કહ્યું આ સહી મારી નથી. પણ કલાર્ક એકનો બે થવા નહોતો માગતો. અંતે ચૂંટણી અધિકારી વચ્ચે પડ્યા. તેમને પણ મેં તથા કલાર્કે વાકેક કર્યા. અચાનક મને વિચાર આવ્યો કે મારા વિભાગમાં એક ભટ્ટ બહેન છે. તે તે વોટીંગ નહિ કરી આવ્યા હોય? કારણ તેઓ પણ સભ્ય હતા. તેમના નામ અને અટક પરથી મને લાગ્યું કદાચ બંનેની ઇનીશ્યલ સરખી હોય તો ઉતાવળમાં કે ગેરસમજથી કલાર્કે મારા નામ સામે લીટો મારી દીધો હોય. મેં આ વિચાર ચૂંટણી અધિકારી તથા તે કલાર્કને કીધો. અને ફરી અપીલ કરી 'તમે હજુ એક વાર ચેક કરો કે કોઇ બહેનની ઇનીશ્યલ બી.એન. ભટ્ટ. છે ખરી?'

તેમણે તપાસ્યું તો મારી ધારણા સાચી પડી. એક બહેન હતા. 'શ્રીમતી બી.એન. ભટ્ટ' અને તેના નામ સામે ટીક માર્ક નહોતું કર્યું. ખરેખર તો આ કલાર્કની ભૂલ હતી. અંતે બહુ હો.. હા.. ન થાય અને ચૂંટણીમાં કાંઇ ગરબડ નથી થઇ એ દર્શાવવા અમે તોડ કાઢ્યો કે ભલે તે બહેન આ ભાઇના નામે વોટ આપી ગયા તે બહેનનું નામ હજુ ખાલી છે તેથી તે નામ સામે આ ભાઇ વોટ આપે! મેં હળવેથી ટીખળ પણ કર્યું કે, 'મારે ઘેર જઇને સાડી, બ્લાઉઝ, ચણીયો પહેરવું નહિ પડે ને!'

અંતે મેં પુરૂષના વેશમાં, સ્ત્રી મતદાર બની વોટીંગ કર્યું!!

ભાઇ નસીબ આનું નામ કયારેક 'બૃહન્નલા'નો વેશ પણ ભજવવો પડે!!!

# દેખાદેખીથી કરેલી ભક્તિનો રંગ કદીયે ચડતો નથી, એ રંગ પાકો (સ્થાયી) નથી હોતો, જેવી કોઇ મુશ્કેલી આવે કે તરત જ 'ભક્ત' પોતાની બનાવટી ભક્તિ એવી રીતે ત્યજી દે છે જેવી રીતે સમય આવે સાપ પોતાની કાંચળીને ત્યાગે છે

## ભાદરવાનો ભક્તિભાવ!

## અક્ષયપાત્ર

- બકુલ દવે

**"ભક્તિભાવ ભાદૌ નદી, સભી ચલી ગહરાય ।**
**સરિતા સોઇ સરાહિએ, જેઠ માસ ઠહરાય । "**


- કબીર

(કેટલીક વ્યક્તિઓનો ભક્તિભાવ ભાદરવા નદી જેવો હોય છે. અમુક સમયે એમાં પૂર આવે છે ને પછી ટૂંક સમયમાં જ એ શમી જાય છે. નદી તો એ છે, જે જેઠ મહિનામાં પણ વહેતી રહે, સુકાય નહીં.)

વર્ષ દરમિયાન અમુક સમય એવો આવે છે છે, જયારે માણસ પર ધાર્મિકતાનું અને ભક્તિભાવનું ગાંડપણ સવાર થઇ જતું હોય છે. ભક્તિનાં એવાં પૂર ઊમટે છે કે ભાગ્યે જ કોઇ એમાં તણાયા વગર રહી જાય છે. શ્રાવણ મહિનો શરૂ થાય ને સાવ નિર્જન પડેલાં શિવાલયોમાં ભક્તોની ભીડ થવા લાગે છે. સમજ્યા વગર યંત્રવત્ 'પૂજા' થતી હોય એવું વધુ જોવા મળે. સમર્પણના ભાવરૂપે શિવલિંગ પર એકાદ ફૂલ કે બીલીપત્ર ચડાવવાની જગ્યાએ એના ઢગલા થાય છે. દૂધનો બેફામ વ્યય થાય છે - અભિષેકના નામે, એવું ન થઇ શકે કે એકાદ ચમકી જેટલું દૂધ સમર્પિત કરી બાકીનું દૂધ જરૂરિયાતવાળા અને અપોષણથી પીડાતાં બાળકોને પહોંચતું કરી શકાય?



નવરાત્રિમાં પણ રાત્રીના સમયે ગલીએ-ગલીએ લાઉડ સ્પીકરનાં ભૂંગળાનો ઘોંઘાટ પ્રસરી જાય છે. માંદા, વૃદ્ધો અને બાળકો સૂઇ શકતાં નથી, વિદ્યાર્થીઓ વાંચી શકતા નથી. ત્યારે ભક્તિભાવ ઓછો અને ફેશન પરેડ વધુ દેખાય છે. આધ્યાત્મિકતા કયાંત જોવા ન મળે. ભક્તિનું કમર્શિયલાઇઝેશન પુરબહારમાં ખીલી ઉઠે.



ભક્તિનાં વહેણમાં વહી જતાં કેટલાક ઉપવાસ પણ કરે છે. ઉપવાસ એટલે પાસે બેસવું તે. પોતાના આત્મા સાથે બેસવું તે. આત્મા સાથે બેસવું એટલે શરીરને ભૂલી આત્મસ્થ થવું, પરમની સાથે તાર જોડવો તે. ને ભક્તિ એટલે પણ જોડાવું તે જ. ઉપવાસની આત્મશુદ્ધિ થાય છે. પણ અત્યારે એ હેતુ ભાગ્યે જ સિદ્ધ થતો હોય છે. ઉપવાસ કરે છે તે ભરાળ (ખરેખર તો ફળાહાર. જેમાં માત્ર ફળનો આહાર જ થઇ શકે.) પણ કરે છે. તુલસીના પાંદડા પર સમાય એટલું - એટલે કે સાવ અલ્પ માત્રામાં ફરાળ કરવાનું કહ્યું છે, પણ થાય છે એનાથી ઉલ્ટું જ. કોઇ નોરડાં ઉપવાસ કરે પણ સતત થાવાનું ચિંતન કર્યા કરે. ઘણા પોતે કેટલા ઉપવાસ કર્યા એનો ઢંઢેરો પીટે અને ગર્વ અનુભવે. મનુષ્ય જે કંઇ ધાર્મિક કામ અથવા તો ભક્તિ કરે છે તે પોતાના માટે કરે છે. એમાં અભિમાન કેવું? ઉપવાસ દ્વારા ભક્તિભાવનો આવિર્ભાવ થતો રહે છે. એમાં કેટલા ઉપવાસ થયા એવી ગણતરી કયાં આવી?

ભક્તિભાવની ગંગોત્રી હૃદય છે. ઉદ્‌ગમસ્થાન શુદ્ધ હોય તો નદી પણ પવિત્રતા ધારણ કરી શકે છે. એની શુચિતા અક્ષુણ્ણ રહી શકે. એના વહેણમાં પણ આછરી જવાની કોઇ શક્યતા ન રહે. એ ભાદરવાની નદીની જેમ સતત બે કાંઠે વહેતી રહી શકે. ભક્તિ એ ઇશ્વર સુધી પહોંચવાનો શ્રેષ્ઠ માર્ગ છે. ભગવાને પણ કહ્યું છે, "મને ભક્ત સૌથી વધુ પ્રિય છે." કારણ એટલું જ કે ભક્તિમાં નિર્ભેળ સમર્પણ હોય છે. કબીરની અન્ય એક સાખી છે :

**દેખાદેખી ભક્તિ કા, કબહું ન ચઢસી રંગ,**
**વિપત્તિ પડે યા છોડસી કેચુલિ તજત ભુજંગ ।**

અર્થાત્ :

દેખાદેખીથી કરેલી ભક્તિનો રંગ કદીયે ચડતો નથી. એ રંગ પાકો (સ્થાયી) નથી હોતો. જેવી કોઇ મુશ્કેલી આવે કે તરત જ 'ભક્ત' પોતાની બનાવટી ભક્તિ એવી રીતે ત્યજી દે છે જેવી રીતે સમય આવે સાપ પોતાની કાંચળીને ત્યાગે છે.